# મનપા ગ્રીન ગાંધીનગર માટે ૮૦ હજાર રોપાના ઉછેરની ક્ષમતા સાથે બે નર્સરી બનાવશે

**બે નર્સરી પાછળ રૂ. ૫૯.૧૧ લાખનો ખર્ચ કરાશે : રાયસણ અને સરગાસણમાં ખાલી પ્લોટ પર નર્સરી બનાવવામાં આવશે**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકા રાયસણ અને સરગાસણના બે ખાલી પ્લોટ પર ૮૦ હજાર જેટલા વૃક્ષોના ઉછેર માટેની ક્ષમતા ધરાવતી નર્સરી બનાવશે. આ માટે રૂ. ૫૯.૧૧ લાખનો ખર્ચ કરવામાં આવશે.

આજે સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મનપા વિસ્તારમાં ૧૦ લાખ વૃક્ષોના ઉછેરવાના લક્ષ્યાંકની સાથે ગ્રીનસીટીનું બિરૂદ ગાંધીનગરને પરત મળે તે માટે અમે કટિબદ્ધ છીએ.

સામાન્ય રીતે ચોમાસા પૂર્વે ગાંધીનગરમાં મોટાપાયે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવે છે. આ વૃક્ષોના વાવેતર પછી તેના જતન અને જાળવણીની પ્રથાને ડેવલપ કરવાને બદલે મનપાએ નવા છોડ ઉછેરવાની કામગીરીને અગ્રતા આપી છે.

૨૫૦૦ ચો.મી. અને ૩૩૦૦ ચો.મી.ના આ બે પ્લોટમાં પાણીની ટાંકી (ભૂગર્ભ) અને બે રૂમનો એક ખાસ શેડ પણ બનાવવાનું આયોજન છે. ગાંધીનગરમાં જે રીતે વૃક્ષોનું કટીંગ થઈ રહ્યુ છે ત્યારથી નવા વૃક્ષો બમણા વાવવામાં આવશે તેવી વાતો શબ્દોમાં સીમીત થઈ જાય છે. આ વૃક્ષો વિકાસ પામતા નથી.

હાલ સે. ૨૧માં મનપા હસ્તકની એક નર્સરી છે જેની ક્ષમતા સિમીત છે અને નવા વૃક્ષો માટે વન વિભાગની નર્સરી પર આધાર રાખવો પડે છે.

ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ નર્સરી બનાવવા માટે મનપાએ ત્રીજીવાર ટેન્ડરીંગ કર્યુ હતુ.

આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચાને અંતે મંજૂરી આપવામાં આવી હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

## મનપા તેના હસ્તકના ખાલી પ્લોટોને પ્રિ-કાસ્ટ વૉલથી રક્ષિત કરી રળિયામણા બનાવશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મનપા દ્વારા તેના હસ્તકના ખાલી પ્લોટોને હસ્તગત કર્યા બાદ હવે દબાણ કે અન્ય ગેરકાયદે પ્રવૃત્તિ ન થાય તે માટે પ્લોટને ફરતે ફેન્સીંગને બદલે પ્રિ.કાસ્ટીંગ વૉલ ઉભી કરવાની વિચારણા સક્રિય રીતે હાથ ધરી છે.

મનપા ટાઉન પ્લાનીંગની સત્તા મળતાં તેમજ મનપાની હદ વધતાં ગુડા અને ઔડા વિસ્તારમાં ઘણા બધા સારા લોકેશન ધરાવતા ૭૦૦ જેટલા પ્લોટ મનપા હસ્તક આવ્યા છે. આ પ્લોટને ફરતે ફેન્સીંગ કરવાનો જે તે સમયે નિર્ણય કરવામાં આવ્યો હતો પરંતુ તે તુટી જવાની તેમજ નુકશાન થયાની ફરિયાદો વધતાં હવે મનપાના સત્તાધીશોએ પ્રિ-કાસ્ટીંગ વૉલ બનાવવાના વિકલ્પ પર ગંભીરતાથી વિચારણા હાથ ધરી છે.

આજે સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ખુલ્લા પ્લોટ પર દબાણ સહિતની અન્ય પ્રવૃત્તિને રોકવા માટે મજબુત દિવાલ જરૂરી જણાય છે. આ બાબતે ફેન્સીંગને બદલે પ્રિ કાસ્ટ વૉલ બનાવવા માટે કાઉન્સીલરો અને અધિકારીઓ સાથે યોગ્ય મંથન કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે.

તેમણે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે પ્લોટ ફરતે દિવાલ ઉપરાંત તેનુ બ્યુટીફીકેશન પણ કરવામાં આવશે. વૃક્ષો તથા લોન ઉછેરીને ખુલ્લા પ્લોટોને રળિયામણા બનાવવાનું પણ આયોજન વિચારણા હેઠળ છે. તેમણે કહ્યુ કે ગત નાણાંકીય વર્ષમાં શહેરના ખુલ્લા પ્લોટ લગ્ન પ્રસંગ કે અન્ય મીટીંગો કે સભા માટે ભાડે આપવાની નીતિ અમલી બનાવી છે અને તેને સારો પ્રતિસાદ પણ સાંપડ્યો છે. આ નીતિમાં પણ જરૂર પડ્યે સુધારા-વધારા કરવા માટે અમારૂ મન ખુલ્લુ છે.

મનપા હસ્તકના ખુલ્લા પ્લોટોને સુરક્ષિત કરવામાં આવશે અને તે અમારી પ્રથમ અગ્રતા છે. તેમણે કહ્યુ હતુ કે પ્રિ.કાસ્ટ વૉલનો ખર્ચ ઓછો આવે છે અને તે સારી પણ લાગતી હોય છે.



ઉનાળામાં પાણીના કુદરતી સ્ત્રોત સુકાઈ જતાં હોવાથી ખુલ્લા આકાશમાં વિહરતા પક્ષીઓને પાણી માટે ઠેર ઠેર ભટકવુ પડે છે. પાણી ઉપલબ્ધ હોય તેવા સ્થળોએ પંખીઓ રીતસર જમાવડો કરે છે. ઉનાળો શરૂ થઈ ચૂક્યો છે ત્યારે ઘણા સેવાભાવીઓએ પક્ષીઓ માટે ઠેર ઠેર કુંડા મુક્યા છે. જ્યાં પરબ છે ત્યાં જઈ પક્ષીઓ આરામથી પોતાની તરસ છીપાવી લે છે. ઉનાળામાં આવા દૃશ્યો ઠેર ઠેર જોવા મળે છે.

# સ્થાયી સમિતિની બેઠકમાં સીએનસીડીના મહેકમની દરખાસ્ત મુલ્તવી રખાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ આજે સી.એન.સી.ડી. વિભાગના મહેકમના માળખામાં સુધારા કરવા અંગેનો પ્રસ્તાવ મુલ્તવી રાખ્યો છે.

સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ છે કે અન્ય મહાનગરપાલિકાઓમાં માળખાઓ શું છે તેનો અભ્યાસ કરવો જરૂરી જણાયો છે. શહેરમાં રખડતા પશુઓને નિયંત્રણમાં લેવા માટે આ અંગે અસરકારક માળખુ ઉભુ કરવુ એટલુ જ જરૂરી છે તેથી અભ્યાસ બાદ નવા માળખા અંગે વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે.

ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે શહેરમાં પશુઓની ઓળખ માટે જે ટેગ લગાવવાની વાત છે તે દરખાસ્તને મંજુરી આપવામાં આવી છે. શહેરમાં આર.આઈ.એફ.ડી. ટેગ ૪ હજાર જેટલા પશુઓમાં લગાવવામાં આવી છે. તેમણે જણાવ્યુ હતુ કે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય

● અનુસંધાન પાન-૭ પર

## કાઉન્સીલરોની ગ્રાન્ટના વપરાશના નિયમોમાં ૪ જેટલા સુધારા કરાયા : ચેરમેન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મનપાના કાઉન્સીલરો હવે તેમની ગ્રાન્ટમાંથી ગ્રીન ગાંધીનગરના સ્વપ્નને સાકાર કરવા માટે વર્મી કમ્પોઝ્ટ ખાતર પણ તેમના વિસ્તારમાં વિતરણ કરી શકશે.

આજે સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં કાઉન્સીલરોની ગ્રાન્ટના ઉપયોગ અંગેના પરિપત્રને આખરી કરતાં ત્રણ થી ૪ જેટલા સુધારા સૂચવવામાં આવ્યા હતા તેમ સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ.

ગાંધીનગર મનપા દ્વારા કચરામાંથી કંચન પ્રોજેક્ટ અંતર્ગત વર્મી કમ્પોઝ્ટ ખાતર બનાવી રહેલ છે. પ્રાકૃતિક ખેતી માટે આ મહત્વનું લેખાતુ ખાતર વૃક્ષારોપણ માટે કાઉન્સીલરો નગરજનોને આપી શકે તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓને પણ આપી શકે તે માટે આ જોગવાઈ કરવામાં આવી છે.

મનપા દ્વારા બનાવવામાં આવી રહેલુ વર્મી કમ્પોઝ્ટ ખાતરનો વપરાશ છેલ્લા બે વર્ષમાં વધ્યો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જો કે આવક કેટલી થઈ તેને લઈ તંત્ર ચૂપકીદી સાધી રહ્યુ છે.

કાઉન્સીલરો તેમની ગ્રાન્ટમાંથી આરોગ્ય મેળાઓનું આયોજન તેમજ ફાયરને લગતી કામગીરીમાં પણ ઉપયોગ કરી શકે તેની જોગવાઈ આજની બેઠકમાં કરવામાં આવી છે.

જાહેર સમારંભો કે સામાજિક મેળાવડાઓમાં મોબાઈલ ટોયલેટની સુવિધા કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી આપી શકાય છે. હવે તેનો વ્યાપ વધારીને ફાયર સેવાઓને પણ આવરી લેવામાં આવેલ છે. મોટી સંખ્યામાં લોકો એકત્ર થતા હોય ત્યારે ફાયર ફાઈટર સહિતની સુવિધાઓ તૈનાત રાખવાની હોય છે. જેના માટેનું ભાડુ આયોજકોએ ચુકવવુ પડે છે હવે કાઉન્સિલરોની ગ્રાન્ટ આ માટે વાપરી શકાશે.

# શહેરમાં માર્ચ-એપ્રિલ દરમ્યાન ૨૯ મીમી વરસાદ

**છેલ્લા બે માસ દરમ્યાન પાંચ વખત કમોસમી વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૪

આ વર્ષે જાણે ઉનાળો સ્કીપ કરી દેવાનો હોય તેમ વારંવાર



વાતાવરણ પલ્ટાઈ રહ્યુ છે અને કમોસમી વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા બે મહિના દરમ્યાન પાંચ વખત માવઠાના કારણે ૨૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

શિયાળો પુર્ણ થયા બાદ સામાન્ય રીતે ઉનાળો જામે છે અને એપ્રિલ-મે માસ દરમ્યાન ખૂબ ગરમી પડે છે. ગુજરાત જેવા પ્રદેશમાં એપ્રિલ-મે અને જૂન માસના પ્રથમ પખવાડિયામાં ખુબ ગરમી પડે છે. ક્યારેક તો સતત લૂ ફુંકાવવાના કારણે મહત્તમ તાપમાન ૪૪-૪૫ ડિગ્રી સુધી પહોંચી જાય છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતના વિસ્તારો અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારો જાણે ભઠ્ઠી જેવા બની જાય છે અને પારો ૪૫ ડિગ્રીને આંબતા જ આકાશમાંથી જાણે અંગારા વરસવા લાગે છે. પરંતુ આ બધી બાબતોનો આ વર્ષે અહેસાસ થયો જ નથી. ઉનાળાને જાણે સ્કીપ કરવો હોય તેમ છેલ્લા બે માસથી સતત વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. વાતાવરણમાં આવતા પલ્ટા બાદ આકાશમાં વાદળો ઘેરાય છે અને વરસાદી વાતાવરણ બંધાય છે. છેલ્લા બે માસની વાત કરીએ તો પાંચ વખત

● અનુસંધાન પાન-૭ પર

## ગરમીમાં એક ડિગ્રીનો વધારો

વરસાદ બંધ થયા બાદ ધીમે ધીમે તાપમાન વધી રહ્યુ છે. છેલ્લા બે દિવસ દરમ્યાન બે ડિગ્રી જેટલો વધારો નોંધાયો છે. આજે મહત્તમ તાપમાન ૩૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫.૪ ડિ.સે. નોંધાયુ હતુ જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૬ ટકા અને સાંજે ૩૭ ટકા રહ્યુ હતુ. જો કે આગામી દિવસોમાં ફરીથી વાતાવરણમાં પલ્ટો આવશે. હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે ૬ મે બાદ રાજ્યના ઘણા વિસ્તારોમાં વરસાદી ઝાંપટા પડી શકે છે.

**ગાંધીનગરમાં વરસાદ**

| તારીખ | વરસાદ |
|---|---|
| ૭-૩-૨૩ | ૨.૦ મી.મી. |
| ૧૯-૩-૨૩ | ૧.૦ મી.મી. |
| ૨૦-૩-૨૩ | ૨૧. મી.મી. |
| ૨૯-૪-૨૩ | ૪.૦ મી.મી. |
| ૩-૫-૨૩ | ૧.૦ મી.મી. |
| કુલ | ૨૯.૦ મી.મી. |

**અગિયારમી પુણ્યતિથિએ**
**ભાવભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. જગદીશચંદ્ર શંકરલાલ દવે**
સ્વ. તા. ૫-૫-૨૦૧૩ વૈશાખ સુદ-૧૫ (વૈશાખી પૂર્ણિમા)

આપ અમારા માટે વટવૃક્ષ હતા,
જેની છત્રછાયામાં સમગ્ર પરિવાર સદાય સ્નેહપૂર્ણ અને
નિઃસ્વાર્થ માર્ગદર્શન મેળવીને વિકસતો રહ્યો,
આ માટે અમો સદાય આપના ઋણી રહીશું.
જે ગુણો પામવા સામાન્ય માનવીને ગ્રંથો અને સંતોનો
સહારો લેવો પડે એ ગુણ જેવા કે 'સંયમ, શિસ્તપાલન
અને સ્વાવલંબન' આપના જીવનમાં છેલ્લા શ્વાસ સુધી
હતા, આ વાતથી અમો સદાય પ્રેરિત થતા રહીશું.

લી.
ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે
ધર્મા જે. દવે (પુત્રવધુ) જતીન જે. દવે (પુત્રી)
રીપા ટી. દવે (પુત્રવધુ) તુષાર જે. દવે (પુત્ર)
યોગિની એચ. દવે (પુત્રવધુ) હેમંત જે. દવે (પુત્ર)
દૃષ્ટિ (પૌત્રી) - વૈભવકુમાર દવે (જમાઈ)
વેદાંશી, નવ્યા (પૌત્રી)
**સમસ્ત દવે પરિવાર**
પ્લોટ નં. ૨૪૨/૨, સેક્ટર-૩એ/ન્યૂ, ગાંધીનગર

# સેક્ટર-૨૭માં પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન હયાત લાઈનમાં ભંગાણ

**છેલ્લા પાંચ દિવસથી પાણી લીકેજની સમસ્યાથી સ્થાનિકો ત્રાહીમામ : પાણી પુરવઠા બોર્ડની નિષ્ક્રીયતા**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના સેકટરોમાં હાલ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે સેકટરવાસીઓ માટે પણ રોજબરાજે નતનવી સમસ્યા ઉભી થાય છે. આ દરમિયાન સે-૨૭ ના ગાયત્રીનગર વિસ્તારમાં પાણીની હાલ સપ્લાયની લાઈનમાં ભંગાણ થતા છેલ્લા પાંચ દિવસથી પાણી લીકેજીસની સમસ્યા ઉદભવી છે. રોજ સવારે પાણી નો બગાડ થાય છે. એકબાજુ ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવે તે માટે મુખ્યમંત્રી સુધી રજુઆત કરવામાં આવી રહી છે. ત્યારે પાણી પુરવઠા બોર્ડની આ પ્રકારની કામગીરીથી પાણીનો બગાડ પણ થઈ રહ્યો હોવાનો રોષ સ્થાનિકોમાં



પ્રબળ બન્યો છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. છેલ્લા એક વર્ષથી આ ખોદકામ પ્રવૃતિના લીધે અનેક સમસ્યા ઉભી થઈ રહી છે. આકરી ગરમીના દિવસોમાં અગાઉ કેબલ કટ થવાના લીધે રહેણાંક વિસ્તારમાં અનેકવાર લાઈટો ડુલ થઈ ગઈ હોવાની ફરિયાદોથી પણ સ્થાનિકો તોબા પોકારી ગયા હતા. જયારે અનેકવાર પાણી ગટરની હયાત લાઈનમાં પણ ભંગાણ થતા નવી સમસ્યા ઉદભવે છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા સેકટરોમાં પાણીની નવી અને મોટાડાયામીટર વાળી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે

● અનુસંધાન પાન-૭ પર

# તલાટીની પરીક્ષાને અનુલક્ષી ૧૪૦ બસોનુ સંચાલન કરાશે

**ગાંધીનગરના પરીક્ષાર્થીઓ માટે સાબરકાંઠા, બનાસકાંઠા સમી, હારીજ પાટણ, મહેસાણા સહીતના રૂટમાં બસો દોડાવાશે : શહેરમાં પરીક્ષા આપવા આવતા પરીક્ષાર્થીઓને અનુલક્ષીને પણ વિવિધ રૂટમાં બસ સેવાનુ આયોજન**

ગાંધીનગર તા ૪

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આગામી રવિવારે તલાટીની પરીક્ષા યોજવામાં આવશે. તલાટીની પરીક્ષામાં ઉમેદવારોની સંખ્યા પણ વિશેષ છે જેને અનુલક્ષી આકરી ગરમીના દિવસોમાં પરીક્ષાર્થીઓને કોઈ હાલાકી ન વેઠવી પડે તે માટે વિશેષ બસ સેવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર ડેપો દ્વારા ટ્રાફિકને ધ્યાનમાં રાખી વધારાની બસો દોડવાશે જયારે આ માટે ઓનલાઈન રીઝર્વેશનની પ્રક્રીયા પણ શરૂ કરી દેવામાં આવી છે. અગાઉ જુનિયર કલાર્કની પરીક્ષાને અનુલક્ષીને પણ ડેપોએ બસ સેવા પુરી પાડી હતી.

ગુજરાત પંચાયત પસંદગી મંડળ દ્વારા આગામી તા ૭ મેં ના રોજ તલાટીની પરીક્ષા યોજવામાં આવશે. સમગ્ર રાજયમાંથી મોટી સંખ્યામાં આ પરીક્ષામાં ઉમેવારો હાજરી આપશે પરીક્ષાને અનુલક્ષી વહીવટી તંત્ર દ્વારા પણ પુરતી તૈયારીઓ કરી દેવામાં આવી છે.જયારે ગરમીના દિવસોમાં પરીક્ષાર્થીઓને સેન્ટર સુધી પહોંચવામાં કોઈ હેરાનગતિ ન વેઠવી પડે તે માટે ગાંધીનગર ડેપો કક્ષાએથી વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. તલાટીની પરીક્ષાને અનુલક્ષી વિવિધ રૂટમાં ૮૫ થી વધુ બસો દોડાવાશે. જયારે આગામી શનિવારે ગાંધીનગરથી જતા પરીક્ષાર્થીઓ માટે પણ વિવિધ રૂટમાં ૫૫ જેટલી બસો દોડાવાશે. અગાઉ જુનિયર કલાર્કની પરીક્ષા દરમિયાન પણ એસ ટી ડેપો દ્વારા વધારાની બસો દોડાવી પરીક્ષાર્થીઓને સમયસર કેન્દ્ર પર પહોંચાડવાનુ આયોજન કરાયુ હતુ. તલાટીની પરીક્ષાને અનુલક્ષીને ગાંધીનગરથી બનાસકાંઠા,

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**
પેટ્રોલ, ડિઝલ તથા સી.એન.જી. પૂરવા માટે ફીલર બોય જોઈએ છે.
સંપર્ક : વિજય ઓટોમોબાઈલ
પ્લોટ નં. ૧૨, સેક્ટર-૧૧, ગાંધીનગર (HP પેટ્રોલ પંપ)
મળવાનો સમય : સવારે ૧૦ થી ૧ દરમિયાન

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

# ડ્રાઈવીંગ ટ્રેક પર લાયસન્સ માટે ટેસ્ટ આપતા ૩૩ ટકા વાહનચાલકો ફેઈલ થાય છે

**આર ટી ઓ ના ટ્રેક પર એક વર્ષમાં ૩૩૮૨૨ કાર ચાલકોનુ ટેસ્ટીંગ માત્ર ૨૨૮૦૮ પાસ થયા : ટુ વ્હીલરમાં પણ ૨૭૨૪૬ માંથી ૩૬૪૧ને સફળતા મળી નથી : અંગ્રજી આંઠડો, રિવર્સ એસ અને બોકસ પાર્કીંગમાં વાહનચાલકોને પરસેવો વળી જાય છે**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરની મોડેલ આર ટી ઓ કચેરીમાં ટેસ્ટીંગ ટ્રેક પર લાયસન્સ માટે ટેસ્ટ આપવા આવતા વાહનચાલકોની આકરી કસોટી થાય છે. એક વર્ષમાં ફોર વ્હીલરના લાયસન્સ માટે આવતા વાહનચાલકોમાં ફેઈલ થનારની સંખ્યા પણ વધુ છે. અંદાજિત ૩૩ ટકા જેટલા કારચાલકો અટપટા ટેસ્ટમાં નાપાસ થાય છે. જયારે ટુ વ્હીલરનો ટેસ્ટ પણ વાહનચાલકોન અઘરો પડે છે. નાપાસ થનારા વાહનચાલકોમાં મહીલાઓની સંખ્યા વિશેષ છે. અંગ્રેજી આંઠડો, રીવર્સ એસ અને બોક્સ પાર્કીંગમાં વાહનચાલકોને પરસેવો વળી જાય છે.

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત રાજયની મોડેલ આર ટી ઓ કચેરીમાં વાહનચાલકો માટે સૌથી પ્રથમ વાહન ટેસ્ટીંગ ટ્રેક તૈયાર કરવામાં આવ્યો હતો. સી સી કેમેરાથી સજ્જ આ ટ્રેકમાં વાહનચાલકોએ આકરી કસોટીમાંથી પાર થવુ પડે છે. ટુ વ્હીલરના ચાલકોએ પણ અંગ્રેજી આંઠડો કરવાનો હોય છે. જયારે વાહન ચલાવતા પગ નીચે અડી જાય અગર અન્ય કોઈ ભુલ રહે તો લાયસન્સ માટે દ્રી ચકી વાહનચાલકોને ફેઈલ કરી દેવામાં આવે છે. ગાંધીનગરની આર ટી ઓ કચેરીમાં છેલ્લા એક વર્ષમાં કુલ ૨૭૨૪૬ ટુ વ્હીલરના ચાલકોએ ટેસ્ટ આપ્યો છે. જયારે આ પૈકી ૩૬૪૧ વાહનચાલકો નાપાસ થયા છે. જો કે લાયસન્સ માટે ફેઈલ થનારા વાહનચાલકોમાં મહીલાઓનુ પ્રમાણ વિશેષ છે. જો કે ટુ વ્હીલરની સાથે ફોર વ્હીલરની લાયસન્સ કસોટી પણ કારચાલકો માટે આકરી પુરવાર થઈ રહી છે. ટેસ્ટીંગ ટ્રેક જોઈને જ વાહન

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com